નવગુજરાત સમય, પાના નંબર - ૧૨.
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૬.

**કનેક્ટિવિટી વધશે | ચાર વર્ષે તૈયાર થનારા રૂટમાં ત્રણ એલિવેટેડ સ્ટેશન બનશે**

# ₹1067 કરોડ ખર્ચ : ગિફ્ટ સિટીથી શાહપુરના 3.3 કિલોમીટર મેટ્રો રૂટના વિસ્તરણને મંજૂરી



**નવગુજરાત સમય > ગાંધીનગર**

ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી (ગિફ્ટ)ને ગાંધીનગર ઉપરાંત અમદાવાદસાથેનીમેટ્રોટ્રેનથીકનેક્ટિવિટીમાં વધારો કરવા માટે મંગળવારે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિમી લાંબા નોર્થ સાઉથ કોરિડોરના વિસ્તરણને મંજૂરી આપી છે. ગિફ્ટ સિટી મેટ્રો પ્રોજેક્ટના વિસ્તરણને મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતની જનતા વતી આભાર માન્યો હતો.

રૂ.૧,૦૬૭.૩૫ કરોડના ખર્ચે ચાર વર્ષમાં તૈયાર થનારા આ વિસ્તરણ પ્રોજેક્ટમાં ત્રણ નવા એલિવેટેડ સ્ટેશનોનું નિર્માણ થશે. આ વિસ્તરણ કાર્યરત થતાં ૨૦૨૯માં અંદાજે ૨૩,૭૦૨ મુસાફરો તથા ૨૦૪૧માં અંદાજે ૫૮,૦૫૯ મુસાફરોને ફાયદો થશે. વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે આજે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના 3.33 કિલોમીટર લાંબા વિસ્તરણને મંજૂરી આપી અને તેમાં ત્રણ એલિવેટેડ સ્ટેશનોનો સમાવેશ થશે. આ પ્રોજેક્ટ લગભગ ચાર વર્ષમાં પૂર્ણ થવાનું આયોજન છે.

આ કોરિડોર અમદાવાદ અને ગિફ્ટ (GIFT) સિટી વચ્ચેની કનેક્ટિવિટીને મજબૂત બનાવશે. સૂચિત રૂટ પર સ્થિત મુખ્ય મલ્ટી નેશનલ કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રોને સીધો ફાયદો થશે. એટલું જ નહીં, આ વિસ્તરણ વ્યવસાય, રોજગાર અને શિક્ષણ સંબંધિત મુસાફરીની જરૂરિયાતોને પૂરી કરવા માટે અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે મુસાફરી કરતા દૈનિક મુસાફરો માટે ફાયદાકારક રહેશે. આ પ્રોજેક્ટથી બાંધકામમાં અંદાજે 1,000 નોકરી ઊભી થવાની અપેક્ષા છે. બાંધકામ પછીના તબક્કામાં કામગીરી અને જાળવણી માટે અંદાજે 250 લોકોને રોજગારી આપશે. આ પ્રોજેક્ટ આટલી જ સંખ્યા જેટલી જ પ્રત્યક્ષ રોજગારીની તકો ઊભી કરશે. વધુમાં, અન્ય પ્રવૃત્તિઓથી તેનાથી પણ વધુ લોકો માટે પરોક્ષ રોજગારી ઊભી થશે.

ભારત અને ગુજરાત સરકારના 50:50ના સંયુક્ત સાહસ એવા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (GMRC) દ્વારા આ પ્રોજેક્ટ અમલમાં મૂકાશે.

## મેટ્રો વિસ્તરણ બદલ અમિત શાહના શહેરીજનોને અભિનંદન



કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે શહેરીજનોને અભિનંદન પાઠવતા 'X' પર પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અમદાવાદ મેટ્રો ફેઝ-2ના વિસ્તરણ માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા અપાયેલી મંજૂરી બદલ આ પ્રદેશના રહેવાસીઓને અભિનંદન. 1,067 કરોડના ખર્ચે ગિફ્ટ સિટીથી શાહપુર સુધી નિર્માણ થનારી આ નવી મેટ્રો લાઇન શહેરના લોકોને સસ્તી, અનુકૂળ અને હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પૂરી પાડશે અને શૈક્ષણિક, કોર્પોરેટ અને વ્યાપારી પ્રવૃત્તિને ગતિ આપશે."

## હાલ દૈનિક 1.60 લાખ લોકો મેટ્રોમાં મુસાફરી કરે છે

હાલમાં, ગુજરાત મેટ્રોના 68.28 કિ.મી. અમદાવાદ મેટ્રો ફેઝ-I APMCથી મોટેરા સ્ટેડિયમ (નોર્થ-સાઉથ કોરિડોર) અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અને ફેઝ-II (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને GNLUથી ગિફ્ટ સિટી), કુલ 53 સ્ટેશન સાથે સપ્ટેમ્બર-2022 (ફેઝ-I) અને જાન્યુઆરી-2026 (ફેઝ-II)થી સફળતાપૂર્વક કાર્યરત કરાયા છે. આ લાઇન પર દૈનિક મુસાફરોની સંખ્યા અંદાજે 1,60,000 છે.